**ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં**

**અનુસ્નાતક પદવી અભ્યાસક્રમ**

(Master's Degree Programme

In

Library and Information Science)

(MLIS)

*પ્રોજેક્ટ/ લઘુશોધ નિબંધ કાર્ય માહિતી પુસ્તિકા*

(PROJECT/DISSERTATION WORK GUIDE)

(MLIP 002)


**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

''જ્યોતિર્મય પરિસર''

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ

સરખેજ- ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ – 382 481

**Phone: 079-29796200 | Fax: 079-29796200**

| **ML I P - 002** | |
|---|---|
| **અનુવાદક પ્રસ્તાવના :** | |
| | *શ્રી કંચનભાઈ પટેલ*<br>*પૂર્વ ગ્રંથપાલ*<br>*મોડાસા કોમર્સ કોલેજ, મોડાસા.* |
| **અનુવાદ યુનિટ :** | |
| | *શ્રી કંચનભાઈ પટેલ*<br>*પૂર્વ ગ્રંથપાલ*<br>*મોડાસા કોમર્સ કોલેજ, મોડાસા.* |
| **વિષય પરામર્શન :** | |
| | *ડૉ. ચેતના શાહ*<br>*ગ્રંથપાલ*<br>*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| **ભાષા પરામર્શન :** | |
| | *ડૉ. ચેતના શાહ*<br>*ગ્રંથપાલ*<br>*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| **સંયોજક** | |
| | *ડૉ. પ્રિયાંકી વ્યાસ*<br>*એસો. પ્રોફેસર (લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ )*<br>*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ* |
| | *ડૉ. ચેતના શાહ*<br>*ગ્રંથપાલ*<br>*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| **મુદ્રક :** | |


**: પ્રકાશક :**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
''જ્યોતિર્મય પરિસર'', શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-382481



© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુનઃમુદ્રિત કરવાની મનાઈ છે.

# અનુક્રમણિકા

## (CONTENTS)


| ક્રમાંક | શીર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧.૦ | પ્રસ્તાવના | 4 |
| ૨.૦ | સામાન્ય માર્ગદર્શિકા | 4 |
| ૨.૧ | હેતુઓ | 4 |
| ૨.૨ | પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધના પ્રકાર | 4 |
| ૩.૦ | દરખાસ્ત તૈયાર કરવી અને સોંપવી | 5 |
| ૩.૧ | દરખાસ્ત તૈયાર કરવી | 5 |
| ૩.૨ | નિરીક્ષક / માર્ગદર્શકની લાયકાત | 5 |
| ૩.૩ | પ્રોજેક્ટ દરખાસ્તની સોંપણી અને અનુમતિ | 5 |
| ૩.૪ | અનુમતિની જાણકારીનો પત્રવ્યવહાર અને અનુમતિ માન્યતા | 6 |
| ૩.૫ | પ્રોજેક્ટ દરખાસ્ત પુનઃ સોંપવી | 6 |
| ૪.૦ | પ્રોજેક્ટ અહેવાલ / લઘુશોધ નિબંધ કાર્ય | 6 |
| ૪.૧ | માળખું | 6 |
| ૪.૨ | ભૌતિક સ્વરૂપ | 7 |
| ૪.૩ | પ્રોજેક્ટ અહેવાલ/ લઘુશોધ નિબંધ સોંપવો | 8 |
| ૪.૪ | પ્રોજેક્ટ અહેવાલ/ લઘુશોધ નિબંધનું મૂલ્યાંકન | 8 |
| ૪.૫ | પ્રોજેક્ટ અહેવાલ / લઘુશોધ  નિબંધને પુનઃ સોંપવો | 8 |
| ૪.૬ | પ્રોજેક્ટ અહેવાલ / લઘુશોધ નિબંધ કાર્યમાંથી મુક્તિ | 8 |
| ૪.૭ | સોંપવાની તારીખ | 8 |
| ૫.૦ | પ્રોજેક્ટ/ લઘુશોધ નિબંધ કાર્યના સંભવિત વિષય ક્ષેત્રોની યાદી | 9 |
| ૬.૦ | યાદ રાખવાના મુદ્દા | 9 |
| પરિશિષ્ટ-૧ | પ્રોજેક્ટ/ લઘુશોધ નિબંધ માટેના વિષયોની યાદી | 10 |
| પરિશિષ્ટ-૨ | પ્રોજેક્ટ દરખાસ્તની (MLIP-002) અનુમતિ માટેનો નિદર્શ-નમૂનો | 11 |
| પિરશિષ્ટ-૩ | નિરીક્ષક/ માર્ગદર્શકનો અનુમતિ પત્ર | 12 |
| પરિશિષ્ટ-૪ | મૂળભૂત કાર્ય અંગેનું પ્રમાણપત્ર | 13 |
| પરિશિષ્ટ-૫ | પ્રોજેક્ટ/ લઘુશોધ નિબંધના માર્ગદર્શન કાર્ય માટેનું મહેનતાણા બીલ | 14 |

## ૧.૦ પ્રસ્તાવના (INTRODUCTION)

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન અનુસ્નાતક કાર્યક્રમ છ ફરજિયાત અને બે વૈકલ્પિક અભ્યાસક્રમ (વિષયો) નો સમાવેશ કરે છે. ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના અનુસ્નાતક કાર્યક્રમના વિદ્યાર્થીએ, આ અભ્યાસક્રમના વિષયોના સૈદ્ધાંતિક, પ્રાયોગિક અને સેમિનારના ઘટકો ઉપરાંત વધારામાં પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધ (MLIP-002) જે ૪ ગુણાંકનો પૂર્ણ અભ્યાસક્રમ (૧૦૦ ગુણ) ધરાવે છે તે સોંપવો પડશે. પ્રોજેક્ટ/ લઘુશોધ નિબંધનો હેતુ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમના વિષયોમાં પ્રાપ્ત કરેલ જ્ઞાનને પ્રયોજિત કરવા અને આ કાર્યક્રમના અભ્યાસક્રમોના વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય વિકસાવવાની તક પૂરી પાડવાનો છે.

## ૨.૦ સામાન્ય માર્ગદર્શિકા (GENERAL GUIDELINES)

### ૨.૧ હેતુઓ (Objectives)

- સંશોધન કૌશલ્ય વિકસાવવું.
- શોધખોળની વૈજ્ઞાનિક પદ્ધતિથી શોધ પ્રશ્નોનો ઉકેલ શોધવો.
- લેખન, રજૂઆત, પ્રત્યાયન અને પૃથક્કરણ કૌશલ્યો વિકસાવવાં.
- આંતરવિષયક વિચારધારાઓ, સાધનો અને તકનીકોને પ્રયોજિત કરવાની ક્ષમતાનો વિકાસ કરવો અને
- ગ્રંથાલયો, માહિતી કેન્દ્રો, જ્ઞાન કેન્દ્રો અને તેવા જ પ્રકારની અન્ય સંસ્થાઓના પ્રશ્નોનો ઉકેલ મેળવવો.

આ આધારભૂત માળખામાં (MLIP 002) ના નીચે દર્શાવેલ વિશિષ્ટ હેતુઓ અભ્યાસુને સક્ષમ બનાવે છે.

- શોધ પ્રશ્નો ઓળખવા અને એકસૂત્રાત્મક કરવા.
- સારી સંશોધન દરખાસ્ત લખવી / તૈયાર કરવી.
- સુયોગ્ય સંશોધન પદ્ધતિ ઓળખવી અને ઉપયોગ કરવો.
- પદ્ધતિસર વૈજ્ઞાનિક તપાસ હાથ ધરવી.
- ડેટા એકત્રિત કરવા અને પૃથક્કરણ કરવું.
- ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રમાં યોગ્ય સાધનો, તકનીકો, પદ્ધતિઓ અને આંકડાશાસ્ત્રને પ્રયોજિત કરવા.

### ૨.૨ પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધ કાર્યના પ્રકાર (Type of Project/ Dissertation Work)

પ્રોજેક્ટ લઘુશોધ નિબંધ નીચેના પ્રકારો પૈકી કોઈપણ એક પ્રકારનો હોઈ શકે અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ક્ષેત્રના નવા આકાર પામેલ ક્ષેત્રોમાંથી પસંદ વધુ યોગ્ય છે.

(૧) માહિતી પદ્ધતિ / ઉપભોક્તા સાથે પ્રત્યાયન/ માહિતી સેવાઓ અને તેના ઘટકોની રચના અને વિકાસ.

(૨) સંસ્થાઓનો અભ્યાસ જેનો હેતુ માહિતી નેટવર્ક્સ/ માહિતી પદ્ધતિઓ/ માહિતી સેવાઓ/ માહિતી ઉત્પાદનો/ વ્યવહારોનો તુલનાત્મક અભ્યાસ કરવાનો હોય છે.

(૩) વિસ્તૃત વ્યક્તિ અભ્યાસ (Case Study)(જે એક ગ્રંથાલય/ માહિતી કેન્દ્ર/ માહિતી નેટવર્ક/ માહિતી પદ્ધતિનો સમાવેશ કરતો હોય)

(૪) ઉપભોક્તા સર્વેક્ષણ, ક્ષેત્ર અભ્યાસ (પ્રયોગ મૂલક અભ્યાસ)

(૫) કોઈપણ વિદ્યાશાખામાં સાહિત્યનું સર્વેક્ષણ (બીબ્લીઓ ગ્રાફી/ બીબ્લીઓ મેટ્રીક્સ અભ્યાસ)

(૬) ઉપભોક્તાની સંવેદનાઓ

(૭) માહિતી સાક્ષરતા (પદ્ધતિઓ, તકનીકો, વ્યક્તિ અભ્યાસો)

# ૩ દરખાસ્ત તૈયાર કરવી અને સોંપવી
# (PROPOSAL FORMULATION AND SUBMISSION)

## ૩.૧ દરખાસ્ત તૈયાર કરવી (Proposal Formulation)

*સૂચિત પ્રોજેક્ટનો ટૂંકસાર-સારાંશ માર્ગદર્શકની સાથે પરામર્શન કરી તૈયાર કરવો, સારાંશ માં જેનો અભ્યાસ હાથ ધરવાનો છે.તે સૂચિત પ્રોજેક્ટના હેતુઓ, સંશોધન પદ્ધતિ અને અન્ય વિગતો સ્પષ્ટ કરી દર્શાવવી જોઈએ. તેમાં સૂચિત પ્રોજેક્ટ માટેનો તાર્કિક આધાર, નમૂના પસંદગી, ઉપયોગમાં લેવાના સાધનો (માહિતિ એકત્રીકરણના સાધન), જો કોઈપણ મર્યાદાઓ હોય તો તે અને ભવિષ્યના સંશોધનો માટેના દિશા સૂચનોનું વિગતવાર વર્ણન હોવું જોઈએ.* **પ્રોજેકટ દરખાસ્ત A-4 (પૂર્ણ કદના) કદના કાગળ ઉપર બે લાઈન જેટલા અવકાશમાં (Double Space) ટાઈપ કરેલી હોવી જોઈએ સાથે નિરીક્ષક/ માર્ગદર્શકનો અનુમતિપત્ર (પરિશિષ્ટ-૩ મુજબ) અને સંશોધન દરખાસ્તની અનુમતિ માટેનો નિદર્શ-નમૂનો (પરિશિષ્ટ-૨ મુજબ) સામેલ કરેલ હોવો જોઈએ.** *માર્ગદર્શક/ નિરીક્ષક બનવા માટેની વ્યક્તિની લાયકાતો નીચે આપવામાં આવેલ છે.*

## ૩.૨ નિરીક્ષક/માર્ગદર્શકની લાયકાત (Qualification of Supervisor/Guide)

*(અ)* *ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં વિદ્યાવાચસ્પતિ* (Ph.D.)

*અથવા*

*(બ)* *ગ્રંથાલય અથવા માહિતી કેન્દ્રમાં બે વર્ષનો અનુભવ અને વ્યાખ્યાતા અથવા તેની સમકક્ષ પગાર ધોરણ સાથે ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયનાં અનુસ્નાતક પદવી*

*અથવા*

*(ક)* *જાણિતા ગ્રંથાલય,* (reputed library) *માહિતી કેન્દ્ર અને તેવા પ્રકારની સંસ્થામાં લઘુત્તમ બે વર્ષના અનુભવ સાથે* B.E. (Computer Science)/MCA *અથવા સમકક્ષ પદવી.*

*વિદ્યાર્થી પોતાની પસંદગી અનુસાર તેના/ તેણીના માર્ગદર્શકની પસંદગી કરી શકશે. દરખાસ્ત સાથે માર્ગદર્શકનું સહી સાથેનું માહિતી પત્રક (* Bio-data) *સામેલ કરેલ હોવું જોઈએ. બાહ્ય માર્ગદર્શક/ નિરીક્ષકના નામની માન્યતા અભ્યાસ હાથ ધરતાં પહેલાં આપવામાં આવશે. કોઈપણ એક નિરીક્ષક/ માર્ગદર્શક વધુમાં વધુ પાંચ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકશે.*

*માર્ગદર્શક/ નિરીક્ષકને ઔપચારિક મહેનતાણું પ્રત્યેક પ્રોજેક્ટ દીઠ ફક્ત રૂા. ૨૫૦/- ચૂકવવામાં આવશે. તે/ તેણીની મહેનતાણાની ફી નો દાવો વિદ્યાર્થી દ્વારા પ્રોજેક્ટ/ લઘુશોધ નિબંધ સોંપ્યા બાદ પરિશિષ્ટ નં.૫ ના નમૂનામાં કરી શકશે.*

## ૩.૩ પ્રોજેકટ દરખાસ્ત સોંપવી અને અનુમતિ-માન્યતા (Project Proposal Submission and Approval)

*વિદ્યાર્થીએ પ્રોજેક્ટ દરખાસ્તના નમૂના સાથે સારાંશની એક નકલ અને નિરીક્ષક/ માર્ગદર્શકનો અનુમતિપત્ર તેના માહિતી પત્રક* (Bio data) *સાથે નીચેના સરનામે મોકલી આપવા.*

*સંયોજકશ્રી,*
*ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ,*
*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,*
“ *જ્યોતિર્મય પરિસર*” , *ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,*
*સરખેજ- ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ* – 382 481

*પ્રોજેક્ટ દરખાસ્તમાં અભ્યાસની પૂર્વભૂમિકા, હેતુઓ, સંશોધન પદ્ધતિ, અપેક્ષિત તારણો વગેરે હોવો જોઈએ. જો અભ્યાસ જો કોઈ એક સમષ્ટિ ઉપર હાથ ધરવાનો હોય તો અભ્યાસ હાથ ધરવામાં આવનાર સમષ્ટિનું કદ-સંખ્યા દર્શાવવી*

*જરૂરી છે. વિદ્યાર્થીને માર્ગદર્શન આપવામાં આવે છે કે સારાંશની એક નકલ તેમની પાસે જાળવી રાખવી. જો દરખાસ્ત ઉપર દર્શાવેલ પત્રો ધરાવતી નહિ હોય તો માન્યતા માટે સ્વીકારવામાં નહિ આવે. પ્રોજેક્ટ દરખાસ્ત સોંપવાની છેલ્લી તારીખ પહેલાં મોકલી આપવી.*

## ૩.૪ અનુમતિ જાણકારીનો પત્રવ્યવહાર (Communication of Approval)

*પ્રોજેક્ટ દરખાસ્તની માન્યતા / અમાન્યતા અંગેની જાણકારી કરતો લેખિત પત્ર આ પ્રોજેક્ટ માર્ગદર્શિકાના વિભાગ. ૪.૭ માં દર્શાવ્યા પ્રમાણેના કાર્યક્રમ મુજબ વિદ્યાર્થીને મોકલી આપવામાં આવશે.*

## ૩.૫ પ્રોજેક્ટ દરખાસ્ત પુનઃ સોંપવો (Resubmission of Project Proposal)

*જો દરખાસ્ત અમાન્ય કરવામાં આવશે તો દરખાસ્ત પુનઃ તૈયાર કરવા માટેની ટીકા/ સૂચનોની જાણકારી વિદ્યાર્થીને કરવામાં આવશે. આ સંજોગોમાં પ્રોજેક્ટની સુધારેલ દરખાસ્ત નવા દરખાસ્ત નમૂના સાથે (પરિશિષ્ટ નં. ૨) જેની સાથે જે દરખાસ્ત અમાન્ય ગણવામાં આવી હોય જેના ઉપર અભ્યાસક્રમ સંયોજકની ટીકા/ સૂચનો હોય તે મૂળ દરખાસ્તનો નમૂનો મોકલી આપવો.*

# ૪.૦ પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધ કાર્ય (PROJECT REPORT/DISSERTATION WORK)

## ૪.૧ રૂપરેખા (Structure)

*આખરી અહેવાલ નીચે મુજબના માળખામાં હોવો જોઈએ.*

*(અ) પ્રમાણપત્ર*

*(આ) આભારદર્શન/ ઋણ સ્વીકાર*

*(ઈ) સારણીઓની યાદી*

*(ઇ) પ્રસ્તાવના*

*(ઉ) પૂર્વ ભૂમિકા*

*(ઊ) અભ્યાસના હેતુઓ*

*(એ) સંશોધન પદ્ધતિ*

*(ઐ) પૃથક્કરણ અને અર્થઘટન*

*(ઓ) નિષ્કર્ષ તારણો*

*(ક) સંદર્ભો અને વાઙમય સૂચિ*

*(ખ) નિર્દેશીકા*

*(ગ) પરિશિષ્ટો, જો હોય તો*

## ૪.૧.૧ સંદર્ભો આપવા માટેના વાઙ્મય સૂચિના માનાંકો (Standard of Bibliographic References)

*તમામ વાઙ્મય સૂચિગત સંદર્ભોની વર્ણાનુક્રમે યાદી આપવી અને સંદર્ભો અને વાઙ્મયસૂચિ વિભાગમાં નીચે દર્શાવેલ માળખા મુજબ આપવા.*

Books:

- Foskett, A.C. (1996). The subject approach to information. 5th ed. London: Library Association Publishing.
- Ghosh, S.B. and Satpathi, J.N. (eds.) (1998). Subject indexing systems: concepts, methods and techniques. Calcutta: Indian Association of Special Libraries and Information Centres.

- **Journal Article:**
  Neelameghan, A. (1990) SR Ranganathan's impact on knowledge organisation tools. Information Studies, 6(2), 77-80.

- **Book Chapter:**
  Khan, A.W. (2005). Distance education for development. In: Garg, S. et. al. (Eds.) Open and distance education in global environment: opportunities for collaboration. New Delhi: Viva Books.

- **Internet Resource:**
  Denton. William (2003). How to make faceted classification and put it on the web. <http:/www/miscatonic.org./Library/facet-web-howto.html> (assessed on 01/12/2005).

- **Conference Paper:**
  Arora, Jagdish (2005).Institutional repositories as a vehicle for open access publishing. Presented in ICDE International Conference on Open and Learning and Distance Education, November 19-23. New Delhi: Indira Gandhi National Open University.

- **Course Material:**
  Gopinath, M.A (1999). Evaluation of information storage and retrieval (ISAR) systems. In: MLIS-03, Block 3, Unit 12 course materials. New Delhi: Indira Ghandhi National Open University.

- **Thesis:**
  Broze, Stefne Lenzmeier (2003). The role of information in cancer patients involvement in their cancer care. Ph.D Dissertatiion. Ohio: Ohio State University.

## ૪.૨ ભૌતિક માળખુ (Physical Format)

*અહેવાલની લંબાઈ (પરિશિષ્ટો- પૂરવણોને બાદ કરતા) બે લીટી અવકાશ* (double space) *વાળા ટાઈપ કરેલ લગભગ* 80 *થી* 120 *પેજ, લગભગ* 20,000 *શબ્દો કરતાં વધુ હોવી ન જોઈએ. તેમ છતાં* 10% *જેટલી છૂટ બંને તરફ ગ્રાહ્ય ગણાશે. અહેવાલ એ*-4 (A-4) *કદના કાગળ ઉપર ટાઈપ કરેલ અને બાઈન્ડિંગ કરેલ હોવો જોઈએ. પ્રોજેક્ટ /લઘુશોધ નિબંધ કાર્ય ગુજરાતી ભાષામાં જ હોવુ જોઈએ.*

*દરેક પ્રોજેક્ટ અહેવાલને સ્વીકારવામાં આવેલ સંશોધન પધ્ધતિને પર્યાપ્ત રીતે સમજાવી.*

*પ્રોજેક્ટ અહેવાલ સાથે નીચે દર્શાવેલ બાબતો હોવી જોઈએ.* (*અ*) *પ્રોજેક્ટ દરખાસ્ત માન્ય કરેલ પત્રની નકલ* (*બ*) *વિદ્યાર્થી અને માર્ગદર્શક દ્વારા સહી કરેલ મૂળકાર્ય અંગેનું પ્રમાણપત્ર.*

## ૪.૩ પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધને સુપ્રત કરવો (Submission of Project Report/Dissertation)

*પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધ એક નકલ નીચેના સરનામે મોકલવી.*
*સંયોજકશ્રી, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ,ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, " જ્યોતિર્મય પરિસર" , ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ -382481.*

*જે કવરમાં અહેવાલ મોકલો તે કવરના ઉપરના ભાગ ઉપર પ્રોજેક્ટ અહેવાલ MLIS લખવાનું રહેશે. આ બાબત પરીક્ષા વિભાગમાં આવતા વિવિધ કાર્યક્રમોના પ્રોજેક્ટ અહેવાલને જુદા પાડવામાં સુવિધા પ્રદાન કરે છે. પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધની સાથે દરખાસ્ત માન્ય કરવામાં આવેલ છે. તે નમૂનો (પરિશિષ્ટ-2) અવશ્ય હોવો જોઈએ.*
*પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધ બે પૈકી કોઈ પણ એક તબક્કામાં સોંપી શકાશે. અર્થાત જૂલાઈ સત્રાંત પરીક્ષા માટેની ગ્રાહ્યતા માટે દરેક વર્ષના* મે માસમાં *અથવા જાન્યુઆરીની સત્રાંત પરીક્ષાની ગ્રાહ્યતા માટે દરેક વર્ષે નવેમ્બર માસમાં સોંપી શકાશે.*

## ૪.૪ પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધનું મૂલ્યાંકન (Evaluation of Project Report/Dissertation)

*પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધનું મૂલ્યાંકન સંસ્થાના અધ્યાપક અથવા જરૂર જણાય તો બાહ્ય નિષ્ણાંત દ્વારા કરવામાં આવશે. પ્રોજેક્ટ અહેવાલ / લઘુશોધ નિબંધનું મૂલ્યાંકન માટે રૂબરૂ મુલાકાત દ્વારા પરસ્પર પ્રશ્નોત્તરી રાખવામાં નહિ આવે.*

*પ્રોજેક્ટને સફળ રીતે પૂર્ણ કરવા-પાસ થવા માટે પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધમાં ઓછામાં ઓછા 50% ગુણ મેળવવા પડશે.*

## ૪.૫ પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધની પુનઃસોંપણી (Resubmission of Project Report/ Dissertation)

*જો વિદ્યાર્થી પ્રોજેક્ટ/લઘુશોધ નિબંધમાં નાપાસ થયા તો તેણે /તેણીની એ અભ્યાસક્રમની નિયત સમય મર્યાદામાં અગાઉ સોંપેલ અહેવાલમાં સૂચવાયેલ સૂચનો અમલમાં મૂકી પુન:સોંપી શકાશે. આ માટે તેણે /તેણીની એ વધારાની ફી ની રકમ પ્રોજેક્ટ અહેવાલની પુન:સોંપણી માટે ભરવી પડશે.*

## ૪.૬ પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધ કાર્યમાંથી મુક્તિ (Exemption from Project Report/Dissertation)

*પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધ કાર્ય MLIS કાર્યક્રમનો આવશ્યક ઘટક છે અને તેથી કોઈપણ ઉમેદવારને MLIS પદવી એનાયત કરવા માટે આ ઘટક-ભાગ પૂર્ણ કરવામાંથી મુક્તિ આપવામાં નહિ આવે.*

## ૪.૭ સોંપવાની તારીખ (Date of Submission)

*દરખાસ્ત અને અંતિમ અહેવાલ સોંપવા માટેનો કાર્યક્રમ નીચે પ્રમાણેના કાર્યક્રમને અનુસરવામાં આવશે.*

| | |
|---|---|
| ➢ અભ્યાસક્રમ સંયોજકને સારાંશ સોંપવો. | ➢ જે વિદ્યાર્થીઓ જૂલાઈ /ઑગસ્ટ માસમાં પ્રવેશ મેળવ્યો હોય અને બીજા વર્ષના જૂલાઈ /ઓગસ્ટમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો ઈરાદો ધરાવતો હોય તેમણે ડિસેમ્બર માસમાં સારાંશ સોંપવો. |
| ➢ દરખાસ્તને મંજૂરી | ➢ બીજા વર્ષના ફેબ્રુઆરી માસ પહેલા |
| ➢ પ્રોજેક્ટ અહેવાલ/લઘુશોધ નિબંધના અહેવાલની એક નકલ પરીક્ષા નિયામક શ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદને સોંપવી. | ➢ જુલાઈ સત્રાંત પરીક્ષા માટે 31 મી મે/ જાન્યુઆરી સત્રાંત પરીક્ષા માટે 30મી નવેમ્બર. |

## 5.0 પ્રોજેક્ટ/લઘુશોધ નિબંધ કાર્ય માટેના સંભવિત ક્ષેત્રોની યાદી.
## (LIST OF PROBABLE AREAS FOR PROJECT / DISSERTATION WORK)

*પ્રોજેક્ટ /લઘુશોધ નિબંધ કાર્ય કેવા પ્રકારના વિષય એકમો પસંદ કરી શકાય તેની સમજૂતિ માટે તમને ઉદાહરણ સ્વરૂપે યાદી (પરિશિષ્ટ નં-1) આપવામાં આવેલ છે. કોઈ પણ વિદ્યાર્થી* MLIS *અભ્યાસક્રમના ફરજિયાત વિષયો* (core course) *અથવા વૈકલ્પિક વિષયો* (Efective Course) *ને સંબંધિત વિષય પસંદ કરી શકે છે. વિદ્યાર્થી પ્રત્યક્ષ નવીન ઉપક્રમનો વ્યાપ ધરાવતો હોય અથવા જે નવા જ્ઞાનનું સર્જન કરતો હોય અથવા જે માહિતી/જ્ઞાન સમાજમાંથી નવા આકાર પામેલ ક્ષેત્રમાંથી હોય તેવા વિષય પસંદ કરી શકે છે.*

## 6.0 યાદ રાખવા માટેના મુદ્દા (POINTS TO REMEMBER)

### પ્રોજેક્ટ દરખાસ્ત સોંપવા માટેના મુદ્દા
### (FOR SUBMISSION OF PROJECT PROPOSAL)

| | |
|---|---|
| 1. | *પ્રોજેક્ટ દરખાસ્તની માત્રા એક જ નકલ મોકલો અને બીજી નકલ તમારી પાસે સાચવી રાખો.* |
| 2. | *પ્રોજેક્ટ દરખાસ્ત જે કવરમાં મોકલો તે કવર ઉપર* MLIP-002 *સ્પષ્ટ રીતે દેખાઈ આવે તે રીતે લખવું અને સરનામું નીચે મુજબ કરવું પ્રતિ, અભ્યાસક્રમ સંયોજક* (MLIS), *ગ્રંથાલય અને માહિતી વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ* -382481 |
| 3. | *દરખાસ્ત સાથે નીચેની બાબતો સામેલ કરેલ છે કે કેમ તેની ખાતરી કરો.*<br>*(અ)પ્રોજેક્ટ દરખાસ્તની અનુમતિ માટેનો નિદર્શ-નમૂનો જે સંપૂર્ણ વિગતો ભરી વિદ્યાર્થી અને માર્ગદર્શકની સહી હોય.*<br>*(બ)માર્ગદર્શક /નિરીક્ષકની લાયકાત દર્શાવતુ માહિતી પત્રક* (Bio Data) *જેના ઉપર તેણે /તેણીની સહી હોય.*<br>*(ક)માર્ગદર્શક /નિરીક્ષકની અનુમતિ આપતો પત્ર.(ડ)પ્રોજેક્ટનો સારાંશ.* |
| 4. | *તમારા પ્રોજેક્ટની દરખાસ્તનો સારાંશ નીચેની બાબતોનો સમાવેશ કરતો હોવો જોઈએ.*<br>*(અ)પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધનું શિર્ષક*<br>*(બ)અભ્યાસના હેતુઓ*<br>*(ક)અભ્યાસ પૂર્ણ કરવા માટે ઉપયોગમાં લેવામાં આવનાર સંશોધન પધ્ધતિ (ડેટા માહિતીનું સ્વરૂપ, ડેટા એકત્રીત કરવાના સ્ત્રોત, એકત્રીત કરવાની પધ્ધતિ, પૃથક્કરણ માટેની તકનીકો અને સાધનો, નિદર્શન પધ્ધતિ વગેરેની વિસ્તૃત માહિતી).*<br>*(ડ)ઉપયોગમાં લેવાના સાધનો / આધાર / ભાષા વગેરે. (પ્રોજેક્ટની રચના /વિકાસ માટે)*<br>*(ઈ)જો કોઈ પણ મર્યાદાઓ સ્વીકારેલ હોય તો તે અને ભવિષ્યના અભ્યાસ માટેના દિશા સૂચનો.* |

### પ્રોજેક્ટ અહેવાલ / લઘુશોધ નિબંધ સોંપવા માટેના મુદ્દા

| | |
|---|---|
| 1. | *પ્રોજેક્ટ અહેવાલ / લઘુશોધ નિબંધ એ-4 કદના પેપર ઉપર બે લીટી અવકાશમાં ટાઈપ કરેલ અને બાઈન્ડીંગ કરાવેલ હોવો જોઈએ.* |
| 2. | *પ્રોજેક્ટ અહેવાલ / લઘુશોધ નિબંધ વીમાયુક્ત રજીસ્ટર પોસ્ટ/વીમાયુક્ત તત્કાલ પોસ્ટ/રૂબરૂ મોકલી આપવો.* |
| 3. | *જે કવરમાં અહેવાલ મોકલો તે કવર ઉપર સ્પષ્ટ દેખાય તે રીતે પ્રોજેક્ટ અહેવાલ-*MLIS *લખવું.આ બાબત પરીક્ષા વિભાગમાં વિવિધ અભ્યાસક્રમના પ્રોજેક્ટ અહેવાલોને જુદા પાડવામાં સુવિધા પૂરી પાડે છે.* |
| 4. | *પ્રોજેક્ટ અહેવાલને બાઈન્ડીંગની કરાવો તે પહેલાં વિદ્યાર્થીએ નીચેની બાબતોની અસલપ્રત તે અહેવાલ ધરાવે છે કે કેમ તેની ખાતરી કરી લેવી જોઈએ.*<br>*(અ)અનુમતિ આપેલ પ્રોજેક્ટ દરખાસ્તનો નિદર્શ-નમૂનો.*<br>*(બ)અનુમતિ આપેલ પ્રોજેક્ટનો સારાંશ*<br>*(ક)મૂળભૂત કાર્ય હોવા અંગેનું પ્રમાણપત્ર (પરિશિષ્ટ-4)* |
| 5. | *વિદ્યાર્થીએ પ્રોજેક્ટ અહેવાલની એક નકલ તેની/તેણીની પાસે રાખવી કારણકે પ્રોજેક્ટ અહેવાલ /લઘુશોધ નિબંધ વિદ્યાર્થી પરત કરવામાં આવતો નથી.* |

## પરિશિષ્ટ-1
## પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધ માટેના વિષય ક્ષેત્રોની યાદી.

*(અહીં નીચે પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધ કાર્ય માટેના વિષય ક્ષેત્રો જેમાં આ કાર્ય થઈ શકે તેવી યાદી આપવામાં આવેલ છે. આ યાદી નમૂના રૂપી છે તે વિસ્તૃત યાદી નથી.)*

1. *વિભિન્ન સંસ્થાઓના ગ્રંથાલયોમાં યાંત્રિકીકરણનો પ્રારંભ કરવામાં અવરોધકો અને પ્રશ્નોનો અભ્યાસ.*
2. *ગ્રંથાલય સ્ત્રોતની ભાગીદારી.*
3. *સરદાર અનુદાનિત સંસ્થાઓ અને સ્વવિત્તિય સંસ્થાઓની ગ્રંથાલય અને માહિતી સેવાઓનો તુલનાત્મક અભ્યાસ.*
4. *ઔદ્યોગિક સંસ્થાઓના ગ્રંથાલયોમાં કોન્સોટીયા.*
5. *અંધજનો માટે વેબ આધારિત માહિતી સેવાઓની રચના.*
6. *ઈન્ટરનેટ આધારિત સામાન્ય પ્રવેશમાર્ગ* (Common Gateway) *નો વિકાસ.*
7. *સંકુલ આધારિત માહિતી નેટવર્કનો અભ્યાસ.*
8. *બૌધ્ધિક સંપદા અધિકારની માહિતી સેવાઓ ઉપર અસર.*
9. *જ્ઞાન પ્રક્રિયામાં બાહ્ય સ્ત્રોતીકરણ પુરું પાડતા ઉદ્યોગોમાં વ્યવસાયિક કૌશલ્યની જરૂરિયાતનો અભ્યાસ.*
10. *વીજાણું સ્વરૂપે માહિતી સંગ્રહો* (Digital Repositories) *માં મેટાડેટા વ્યવહારોનો અભ્યાસ.*
11. *મુક્ત અને દૂરસ્થ શિક્ષણ ઉપર વિશિષ્ટ ગ્રŽવગીકરણ પધ્ધતિનો વિકાસ.*
12. *મુક્ત અને દૂરસ્થ અભ્યાસમાં શબ્દભંડોળ* (Thesaurus) *નો વિકાસ.*
13. *વીજાણું સ્વરૂપે માહિતી ઉત્પાદનોના વ્યૂહાત્મક માર્કેટીંગનો અભ્યાસ.*
14. *સોફ્ટવેર ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતા તકનીકી લખાણના સાધનો (સોફ્ટવેર સંપૂટ, શૈલી માર્ગદર્શિકા વગેરે* - Software Packages, style guides, etc) *નો અભ્યાસ.*
15. *વિવિધ પ્રકારના ઉપભોક્તાઓની માહિતી પ્રાપ્તિની વર્તણુકનો અભ્યાસ.*
16. *માહિતી વ્યવસાયિકો માટે ઈન્ટરનેટ આધારિત અભ્યાસ સંચાલન પધ્ધતિનો વિકાસ.*
17. *લિલ્લીયો મેટ્રીક્સ / સેન્ટ્રોમેટ્રીક્સ / વેબોમેટ્રીક્સના અભ્યાસ.*
18. *ગ્રંથાલય સામગ્રીની જાળવણી અને સાચવણી.*
19. *વીજાણું પ્રકાશનોની જુદા જુદા પ્રકારનો ગ્રંથાલયો ઉપર અસર.*
20. *ભારતમાં માહિતી ભૌતિક સંસાધનો- માળખાઓનો તુલનાત્મક અભ્યાસ.*
21. *ભારતમાં ગ્રંથાલય વ્યવસાયિક મંડળોનો વિકાસ.*
22. *વિદ્વતાયુક્ત સાહિત્ય માટે ઓનલાઈન સંગ્રહ.*
23. *સંશોધન પ્રકાશનોનું નિજ દફતરખાનું* (Self-archiving)
24. *વિજ્ઞાન અને ટેકનોલોજી વિદ્યાશાખાઓમાં વિશિષ્ટે ગ્રંથવગીકરણ પધ્ધતિઓનો તુલનાત્મક અભ્યાસ.*
25. *ભારતીય સંશોધકો દ્વારા પ્રકાશિત વીજાણું સામયિકોની અસર-વેબોમેટ્રીક પૃથક્કરણ.*
26. *ઓનલાઈન સામયિકો અને મુદ્રિત સામયિકોના ઉપયોગની રીતભાત.*
27. *કોન્સોટીયમ આધારિત લવાજમ ભરવાના મૉડેલમાં હિંમતની અસરકારકતા.*
28. *ભારતમાં ગ્રંથાલય અને માહિતી સેવાઓના વિકાસ માટે કેન્દ્ર સરકારના અંદાજપત્રનું પૃથક્કરણ.*
29. *ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોનું ગુણવત્તાયુક્ત સંચાલન.*
30. *સાંપ્રત સમાજમાં માહિતી અને પ્રત્યાપન ટેકનોલોજી* (ICT) *ની અસર.*
31. *ગ્રંથાલય અને માહિતી સેવાઓ ઉપર માહિતી અને પ્રત્યાપન ટેકનોલોજીની અસર.*
32. *સ્વયં સંચાલિત નિર્દેશીકરણ, વેબ નિર્દેશીકરણ વગેરે.*
33. *ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના નવા આકાર પામેલ કોઈપણ એક ક્ષેત્રમાં સાંપ્રત પરિસ્થિતિ અહેવાલ* (State-of-Art Report) *તૈયાર કરવો.*

**પરિશિષ્ટ નં-2**
**પ્રોજેક્ટ દરખાસ્તની અનુમતિ માટેનો નિદર્શ-નમૂનો.**

| નોંધણી ક્રમાંક | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

વિદ્યાર્થીનું નામ અને સરનામું....................................................................................................
કાર્યક્રમનો કોડ : MLIS
અભ્યાસક્રમ કોડ : MLIP-002
પ્રોજેક્ટ/લઘુશોધ નિબંધનું શીર્ષક : ................................................................................
(દરખાસ્ત / સારાંશ જોડવો)
માર્ગદર્શકનું નામ અને સરનામું...........................................................................................
માર્ગદર્શક / નિરીક્ષક BAOU ના MLIS અભ્યાસક્રમના પરામર્શક છે.? હા /ના

જો હા, તો તેઓ જે અભ્યાસ કેન્દ્ર સાથે સંકળાયેલા હોય તે કેન્દ્રનું નામ અને તેનો કોડ નંબર લખો.............................
નિરીક્ષકના હાથ નીચે ચાલુ વર્ષમાં MLIP-002 માં કામ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવો................................
નિરીક્ષકની શૈક્ષણિક લાયકાત. ...............................................................................................
આ વિષય સંદર્ભમાં અનુભવના વર્ષો.........................................................................................

(નિરીક્ષકનું માહિતી પત્રક-સાંપ્રત પગાર ધોરણ સાથે જોડવુ)

વિદ્યાર્થીની સહી
તારીખ :

માર્ગદર્શક / નિરીક્ષકની સહી
તારીખ :

---

**ફક્ત કાર્યાલયના ઉપયોગ માટે**

| સારાંશ | માન્યતા આપી | માન્યતા ન આપી |
|---|---|---|
| નિરીક્ષક | માન્યતા આપી | માન્યતા ન આપી |

જો કોઈ વિશેષ નોંધ હોય તો
...........................................................................................................................
...........................................................................................................................
...........................................................................................................................
...........................................................................................................................
...........................................................................................................................
...........................................................................................................................
...........................................................................................................................
...........................................................................................................................

અભ્યાસક્રમ સંયોજકની સહી અને તારીખ

1. જો અભ્યાસક્રમ સંયોજકની ટીકા / નોંધ સાથેના આ ફોર્મની નકલ સુધારેલ દરખાસ્ત જો જરૂર હોય તો બીડવી અને તથા આખરી અહેવાલ સાથે બાઈન્ડીંગ કરાવવી.
2. જો સુધારેલ દરખાસ્ત મોકલવાની જરૂર પડે તો આ ફોર્મ ને નવી દરખાસ્ત ફોર્મ પરિશિષ્ટ નં-2 ની નકલ સાથે મોકલવી.

**પરિશિષ્ટ નં-3**
**નિરીક્ષક માર્ગદર્શક નો અનુમતિ આપતો પત્ર**

*આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ના* MLIS *અભ્યાસક્રમની જરૂરિયાત પૂર્તિ કરવાના*

*ભાગરૂપે શ્રી/ કુ.* ........................................................................................................................*જેનો*

*નોંધણી ક્રમાંક* ........................................................... ..................................................................*છે*

*તે દ્વારા* “..................................................................................................................” *શીર્ષકવાળો*

*પ્રોજેક્ટ અહેવાલ/ લઘુશોધ નિબંધ કાર્ય મારા માર્ગદર્શન નીચે કરવામાં આવશે.*

**સહી**

**માર્ગદર્શક / નિરીક્ષકનું નામ**

**તારીખ**

**પરિશિષ્ટ નં-4**
**મૂળભૂત કાર્ય અંગનું પ્રમાણપત્ર**

*આŽી પ્રમાણિત કરવામાં આવે છે કે "..........................................................................................................................." નામનો પ્રોજેક્ટ અહેવાલ / લઘુશોધ નિબંધ જે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં અનુસ્નાતક પદવી* (MLIS) *એનાયત કરવાની જરૂરિયાત પૂર્તિ કરવાના ભાગરૂપે સોંપવામાં આવેલ છે તે શ્રી / કુ.* .........................*જેમનો નોંધણી ક્રમાંક* ...........................................................................................................................*છે તેમનું મૂળભૂત કાર્ય છે.*

*આ અહેવાલમાં વર્ણવામાં આવેલ વિષય વસ્તુ વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલ મૂળભૂત કાર્ય છે અને અસલ દ્વારા કરવામાં આવેલ મૂળભૂત કાર્ય છે અને તે આ વિશ્વવિદ્યાલય અને / અન્ય વિશ્વવિદ્યાલય / સંસ્થામાં કોઈપણ અભ્યાસક્રમની જરૂરિયાત પૂર્ણ કરવાના ભાગરૂપે સોંપવા આવેલ નથી.*

| | |
|---|---|
| *વિદ્યાર્થીની સહી*.................. | *માર્ગદર્શકની સહી*.................. |
| *નામ*............................. | *માર્ગદર્શકનું નામ*.................... |
| *નોંધણી ક્રમાંક* .................. | *હોદ્દો* ............................ |
| *સ્થળ* .................. | *સંસ્થાનુ નામ* ......................... |
| *તારીખ*.................. | *તારીખ*.................. |

**પરિશિષ્ટ નં-5**

**પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધ માટે માર્ગદર્શનનું મહેનતાણાનું બીલ**

*પ્રતિ,*

*રજીસ્ટ્રાર શ્રી,*

*"જ્યોતિર્મય પરિસર" ,*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માર્ગ,*

*સરખેજ- ગાંધીનગર હાઈવે, છારોડી,*

*અમદાવાદ*-382481

1.*અભ્યાસક્રમ કોડ* MLIS

2.*પાઠ્યક્રમ કોડ* MLIP-002

3.*નિરીક્ષણનું નામ* …………………………………………………..

4.*રહેઠાણનું સરનામું* ..........................................................................

………………………………………………….

……………………………………………………

……………………………………………………

5.*હોદ્દો* ...........................................................................................

6.*કાર્યાલયનું સરનામુ* ……..........................................................................

7. *ફોન નં* ..........................................................................

| *ક્રમાંક* | *પ્રોજેક્ટ* | *નોંધણીક્રમાંક* | *વિદ્યાર્થીનું નામ* | *રકમ* |
|---|---|---|---|---|
| | | | | |

*પ્રમાણિત કરવામાં આવે છે કે મેં વિદ્યાર્થીઓને તેમના પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધ કાર્યમાં માર્ગદર્શન આપેલ છે.*

*તારીખ* *માર્ગદર્શક / નિરીક્ષકની સહી*

**નોંધ:- પ્રત્યેક વિદ્યાર્થી દીઠ પ્રોજેક્ટ / લઘુશોધ નિબંધ કાર્ય માટે મહેનતાણું રૂ.250/- ચૂકવવા પાત્ર છે.**

*પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપરોક્ત પ્રોજેક્ટ માર્ગદર્શકને જે તે અભ્યાસ વિદ્યાશાખા એ માન્યતા આપેલ છે અને ભલામણ કરેલ છે અને ઉપરોક્ત ચૂકવણીનો દાવો દાખલ કરવામાં આવે છે.*

*મદદનીશ રજીસ્ટ્રાર* *વિભાગીય અધિકારી* *જે તે વિભાગના કર્મચારી*